# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ખેડૂત તાલીમ યોજાઈ

પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, અરવલ્લી, સાબરકાંઠા અને બનાસકાંઠા જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈપાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા ખાતે તા.૦૩/૦૭/૨૦૧૮ ના રોજ આશાદીપ ફાઉન્ડેશન, ગોધરા દ્વારા એક દિવસીય ખેડૂત તાલીમ યોજાઈ હતી.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા માટે અત્રેના કેન્દ્ર ખાતે એક દિવસીય ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૭૦ જેટલા ખેડૂત ભાઈઓ-બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો.આ તાલીમ કાર્યક્રમમાં કેન્દ્રના યુનિટ હેડ અને સહસંશોધન વૈજ્ઞાનિક ડૉ.એમ.બી.પટેલ એ મકાઈની મુલ્ય વર્ધિત તથા સંયોજિત અને સંકર જાતોની માહિતી આપી અને ખેડૂતમિત્રોને ઘરનું દેશી બિયારણ વાપરવાનું બંધ કરીને સારી જાતની સંયોજિત અને સંકર જાતોનું બિયારણ અપનાવવા પર ભાર આપ્યો હતો.

ડૉ.પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (પી.બી) એ મકાઈ પાકમાં બીજ વૃદ્ધિ કાર્યક્રમની માહિતી આપેલ હતી અને હાઈબ્રીડ બિયારણનું ઉત્પાદન કરીને વધુ નફો મેળવવા માટે અનુરોધ કરેલ હતો.

પ્રો.કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો) દ્વારા મકાઈના પાકમાં વાવણી અંતર બાબતે બે ફૂટ ના ગાળે વાવેતર કરવા માટે ભાર મુકેલ હતો તથા નિંદામણ નિયંત્રણ અને રાસાયણીક ખાતર આપવા બાબતે સચોટ માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

ડૉ.એચ.એસ.વર્મા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટક) દ્વારા મકાઈમાં આવતી જીવાતો વિષે અને તેના સંકલિત નિયંત્રણ અંગેની વિગતવાર માહિતી આપેલ હતી

પ્રો.ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો અને પ્રથમ હરોળ નિદર્શન વિષે અને તેની ઉપયોગીતા અંગે પણ ચર્ચા કરેલ હતી. કાર્યક્રમના અંતે ખેડૂત ભાઈઓ તેમજ બહેનોના પ્રશ્નોનું પણ નિરાકરણ કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.ડી.એમ.રાઠોડે કરેલ હતું.





*આશાદીપ ફાઉન્ડેશન દ્વારા મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર ખાતે ખેડૂત તાલીમ*